# અમેરિકાના નાગરિક બનવું છે?



**અમેરિકન સિટીઝન બનતા અનેક ફાયદાઓ થાય છે. એ ફાયદાઓનો લાભ લેવા ભારતીયો પોતાના દેશને, પોતાની માતૃભૂમિની નાગરિકત્વતાનો ત્યાગ કરે છે અને અમેરિકન સિટીઝન બને છે**

**અમેરિકા વિઝા ગાઈડ**
★ ડૉ. સુધીર શાહ (એડવોકેટ-મુંબઈ)

આજે અમેરિકામાં ભારતીયોની વસતિ ખૂબ જ વધી ગઈ છે. એમાંના અનેકોએ ભારતનું નાગરિકત્વ ત્યજી દઈને અમેરિકન સિટીઝનશિપ અપનાવી છે. અમેરિકન સિટીઝન બનતા અનેક ફાયદાઓ થાય છે. એ ફાયદાઓનો લાભ લેવા ભારતીયો પોતાના દેશને, પોતાની માતૃભૂમિની નાગરિકત્વતાનો ત્યાગ કરે છે અને અમેરિકન સિટીઝન બને છે.

ગ્રીનકાર્ડ જુદી જુદી રીતે મળી શકે છે. 'ઈમીજીએટ રિલેટિવ કેટેગરી' હેઠળ મળી શકે છે, ચાર જુદી જુદી 'ફેમિલી પ્રેફરન્સ કેટેગરી' હેઠળ, ચાર જુદી જુદી 'એમ્પ્લોયમેન્ટ પ્રેફરન્સ કેટેગરી' હેઠળ, 'EB-5' પ્રોગ્રામ હેઠળ અમેરિકાના નવા બિઝનેસમાં કે રિજનલ સેન્ટરમાં નિયત કરેલ રકમનું રોકાણ કરતા, 'વિઝા લોટરી' દ્વારા, 'અસાયલમ' કે 'રેફ્યુઝી સ્ટેટ્સ' મળતાં પણ ગ્રીનકાર્ડ મળી શકે છે. 'L-1' વિઝા કે 'H-1B' વિઝા પર પણ ગ્રીનકાર્ડ મળી શકે છે. 'ઓવન વિઝા' એટલે કે અસાધારણ આવડત ધરાવનારા વ્યક્તિઓ માટે પણ ગ્રીનકાર્ડ ઉપલબ્ધ થઈ શકે છે. અમેરિકાની મિલેટરીમાં જોડાતા ગ્રીનકાર્ડ મળી શકે છે. અનેકવાર અમેરિકાની સરકાર અમેરિકામાં રહેતા ઈ-લીગલ ઈમિગ્રન્ટોને માફી બક્ષે છે. એમને પણ ગ્રીનકાર્ડ મળી શકે છે. આમ જુદી જુદી રીતે ગ્રીનકાર્ડ મળી શકે છે.

તમે જો અમેરિકન સિટીઝન જોડે લગ્ન કર્યા હોય અને ગ્રીનકાર્ડ મળ્યું હોય તો ત્રણ વર્ષ પછી તમે અમેરિકન સિટીઝન બનવાની અરજી કરી શકો છો. આ ત્રણ વર્ષમાં તમારે ઓછામાં ઓછું દોઢ વર્ષ એટલે કે અડધો સમય અમેરિકાની ધરતી પર રહ્યા હોવું જોઈએ અને લાગલગાટ છ મહિનાથી વધુ ક્યારેય પણ અમેરિકાની બહાર રહ્યા હોવું ન જોઈએ. તમે ગ્રીનકાર્ડ ધારક જોડે લગ્ન કર્યા હોય એ લગ્નના આધારે તમને ગ્રીનકાર્ડ મળ્યું હોય કે અન્ય કોઈ રીતે મળ્યું હોય તો તમે પાંચ વર્ષ બાદ ગ્રીનકાર્ડ મળ્યા પછી એ પાંચ વર્ષ દરમિયાન અડધો સમય અમેરિકાની ધરતી પર રહ્યા હોવ એટલે કે અઢી વર્ષ અમેરિકામાં જ રહ્યા હોવ અને ક્યારેય પણ લાગલગાટ છ મહિનાથી વધુ અમેરિકાની બહાર રહ્યા ન હોવ તો તમે અમેરિકન નાગરિક બનવાની અરજી કરી શકો છો.

અમેરિકન નાગરિક બનવાની અરજી કરો એ પહેલાં તમને અંગ્રેજી ભાષા આવડે છે. અમેરિકાનું જનરલ નોલેજ છે એ પણ દેખાડી આપવાનું રહે છે. આમાં અમુક છૂટછાટો પણ આપવામાં આવેલી છે. એટલે કે અંગ્રેજી ભાષા આવડે છે એ જે શરત છે એમાંથી જે વ્યક્તિ જે ગ્રીનકાર્ડ ધારક પચાસ વર્ષથી વધુ ઉંમરની હોય અને છેલ્લા વીસ વર્ષથી અમેરિકામાં ગ્રીનકાર્ડ ધારક તરીકે રહેતી હોય અથવા તો એ વ્યક્તિ પંચાવન વર્ષથી વધુ ઉંમરની હોય અને છેલ્લા પંદર વર્ષથી અમેરિકામાં ગ્રીનકાર્ડ ધારક તરીકે રહેતું હોય તો એમને આ અંગ્રેજી ભાષા આવડે છે એ પરીક્ષામાંથી છૂટી આપવામાં આવે છે. જો તમને અલઝાઈમર કસિનાઈલ ડ્યુમેન્શિયા એવા કોઈ રોગ હોય તો પણ તમને આ મેડિકલ ડિસએબીલીટીનો લાભ મળી શકે છે અને અંગ્રેજી ભાષાની પરીક્ષા આપવાની તમને છૂટી આપવામાં આવે છે.

ગ્રીનકાર્ડ ધારક જ્યારે અમેરિકામાં કાયમ રહેવાની અરજી કરે છે ત્યારે એણે અમુક શરતોનું પાલન કરવાનું રહે છે. સૌપ્રથમ એ ગ્રીનકાર્ડ ધારક જ્યારે અમેરિકન સિટીઝન બનવાની અરજી કરે છે ત્યારે જે સ્ટેટમાંથી એ સિટીઝન બનવાની અરજી કરે છે ત્યાં એણે ઓછામાં ઓછું છેલ્લા ત્રણ મહિના રહ્યા હોવું જોઈએ.

જે દિવસે એ સિટીઝન બનવાની અરજી કરે તે દિવસથી એણે જે સ્ટેટમાં અરજી કરી હોય ત્યાં જ રહેવાનું રહે છે.


તમારી ગ્રીનકાર્ડ ધારક તરીકે ચાલચલગત સારી હોવી જોઈએ. તમે કોઈ ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયેલા હોવા ન જોઈએ. તમે અમેરિકામાં તેમજ વિશ્વમાં કશે પણ તમારી જે આવક હોય એના પર ટેક્સ અમેરિકામાં જ ભર્યો હોવો જોઈએ. આપણા ગુજરાતના અસંખ્ય ખેડૂતો અમેરિકા જઈને વસ્યા છે. તેઓ બધા ગ્રીનકાર્ડ ધારક હોય છે. અમેરિકન સિટીઝન બનવું હોય છે, પણ બની શકતા નથી. કારણ કે એમણે ભારતમાં એમની જે ખેતીવાડીની આવક હોય છે એના પર ટેક્સ ભર્યો નથી હોતો. ભારતમાં તો ખેતીવાડીની ઉપજ પર ટેક્સ લાગતો નથી. પણ ગ્રીનકાર્ડ ધારક હોવાના કારણે અમેરિકાના પરમેનન્ટ રહેવાસી હોવાને કારણે એમની વિશ્વમાં કશે પણ આવક હોય એના પર અમેરિકામાં ટેક્સ ભરવાનો રહે છે. અમેરિકામાં ખેતીવાડીની ઉપજ પર જે ટેક્સ ભરવાનો હોય છે એમાં માફી મળતી નથી. એટલે ભારતમાં એમની જે ખેતીવાડીની ઉપજ હોય એના પર ભારતમાં ભલે ટેક્સ આપવો પડતો ન હોય પણ એમણે એ આવક પર અમેરિકામાં ટેક્સ ભરવાનો રહે છે. જે એમણે ભર્યો નથી હોતો. આથી તેઓ ઈચ્છા હોવા છતાં અમેરિકન નાગરિક બનવાની અરજી કરતા નથી. કારણ કે એમ કરતા એમણે આ જે ટેક્સ ભર્યો નથી હોતો એ વાત બહાર આવે પછી એવું પણ બની શકે કે એમને અમેરિકન સિટીઝન ન બનાવવામાં આવે પણ એમનું ગ્રીનકાર્ડ પણ પાછું ખેંચી લેવામાં આવે. અને એમને અમેરિકાની બહાર એમના દેશમાં પાછા મોકલી દેવામાં આવે.

અમેરિકન સિટીઝન બનો એટલે તમે તમારા પરદેશમાં રહેતા પતિ,પત્ની, માં-બાપ કે સંતાનો કુંવારા, વયસ્ક કે પરણેલા આ બધા માટે ગ્રીનકાર્ડનું પિટિશન દાખલ કરી શકો છો. તમારા ભાઈબહેનોને અમેરિકામાં તમારી સાથે રહેવા માટે ગ્રીનકાર્ડનું પિટિશન દાખલ કરી શકો છો. અમેરિકન સિટીઝન હોવ તો તમને વિશ્વના કંઈ કેટલાય દેશોના વિઝા વગર પ્રવેશ આપવામાં આવે છે.

આમ અમેરિકન સિટીઝન બનવાના ઘણા ફાયદાઓ છે. પણ અસંખ્ય ભારતીયો જો અમેરિકન સિટીઝન બનવું હોય તો અંગ્રેજી ભાષા, અમેરિકાનું સામાન્ય જ્ઞાન આ સર્વે આપવું પડે. અમેરિકામાં ઓછામાં ઓછો અમુક સમય રહ્યા હોવું જોઈએ.

ટેક્સ ભર્યો હોવો જોઈએ. આ બધુ દેખાડવાનું જરૂરી હોવાને લીધે નાછૂટકે અમેરિકાના સિટીઝન બનવાની અરજી નથી કરતા. ઘણા ભારતીયો એવા હોય છે કે જેઓ ગ્રીનકાર્ડ ધારક બનીને વર્ષો સુધી અમેરિકામાં કાયમ રહે છે. પણ પોતાની માતૃભૂમિ ભારતની સિટીઝનશિપ છોડતા નથી. તેઓ ભલે અમેરિકન ગ્રીનકાર્ડ ધારક હોય, ભલે અમેરિકામાં રહેતા હોય, ત્યાં કમાતા હોય પણ એમને મન 'મેરા ભારત મહાન' એવું જ હમેશાં લાગ્યા કરે છે.●

# દર્દીની સારવાર માટે ખરીદવા પડતાં ઉપકરણોનો ખર્ચ પણ મેડિક્લેમ ઈન્શ્યોરન્સ અન્વયે ચૂકવણીપાત્ર છે



**ગ્રાહક મંચ**
★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

દર્દીની સારવાર દરમિયાન તબીબો કેટલીક વાર દર્દીનો ઈનહેલર પંપ, ઓક્સિજન માટેનું મશીન વગેરે જેવાં ઉપકરણો (Appliances) ખરીદવાનું પણ સૂચવતા હોય છે. મેડિક્લેમ ઈન્શ્યોરન્સ પોલિસી અન્વયેના ક્લેમમાં આવાં ઉપકરણ ખરીદવાનો થયેલ ખર્ચ ચૂકવવા વીમા કંપની ખરેખર જવાબદાર છે કે કેમ? એવો પ્રશ્ન ઘણી વાર ઉપસ્થિત થાય છે. વીમા કંપની તો રાબેતા મુજબ આવાં ઉપકરણ સંબંધિત ખર્ચ ચૂકવવાનો ઈન્કાર કરી દેતી હોય છે પરંતુ છત્તીસગઢ સ્ટેટ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ રિડ્રેશલ કમિશને આપેલા એક મુકદમામાં તબીબી સલાહ અનુસાર ખરીદાયેલ આવાં ઉપકરણોનો ખર્ચ વીમેદારને ચૂકવવા વીમા કંપની જવાબદાર હોવાનું ઠરાવ્યું છે.

ઓરીએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની વિરૂધ્ધ જુગલ કિશોર પટની અને અન્યોના આ કેસની વિગતો એવી છે કે, ફરિયાદી જુગલ કિશોર પટની સામાવાળા ઓરિએન્ટલ ઈન્શ્યોરન્સ કંપનીની મેડિક્લેમ ઈન્શ્યોરન્સ પોલિસી ધરાવતા હતા. ફરિયાદીને સૂતી વખતે શ્વાસોચ્છવાસની તકલીફ ઊભી થઈ હોવાનું જણાયું હતું. જેથી ફરિયાદી રાયપુરમાં આવેલ રામકૃષ્ણ કેર હોસ્પિટલમાં તબીબી સલાહ અનુસાર એડમિટ થયા હતા. મજકૂર હોસ્પિટલમાં ફરિયાદીને Sarcoidosisની બીમારી થઈ હોવાનું નિદાન થયું હતું. ત્યાર બાદ ફરિયાદીએ ન્યૂ દિલ્હીની ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં ટેસ્ટ્સ કરાવ્યા હતા અને ત્યાર બાદ મુંબઈમાં જશલોક હોસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે એડમિટ થયા હતા.

હિન્દુજા હોસ્પિટલ સાથે સામાવાળા વીમા કંપનીનું ટાઈઅપ હોવાથી ટ્રીટમેન્ટનો ખર્ચ ફરિયાદીએ ચૂકવવો પડ્યો ન હતો પરંતુ ટ્રીટમેન્ટનું બિલ પૈકી વીમા કંપનીએ મંજૂર નહિ કરેલ રકમ રૂ. ૭૧૭/-ફરિયાદીએ ચૂકવવા પડ્યા હતા. વધુમાં, હોસ્પિટલના તબીબો દ્વારા ફરિયાદીને ઓક્સિજન માટેનું C.P.A.P. તરીકે ઓળખાતું મશીન ખરીદવાની સૂચના અપાઈ હતી. જેથી ફરિયાદીએ મજકૂર મશીન વેટ અને ટેક્સ સહિત કુલ રૂ. ૫૧,૯૭૮/- ની કિંમતે ખરીદ્યું હતું અને ત્યાર બાદ મજકૂર મશીન ખરીદવા અંગેનો ક્લેમ સામાવાળા વીમા કંપની સમક્ષ કર્યો હતો. સામાવાળા વીમા કંપનીએ મજકૂર મશીન ખરીદવાનું અને તેની કિંમત ચૂકવવાનું મેડિક્લેમ પોલિસી અન્વયે કવર થતું ન હોવાનું જણાવીને ક્લેમ નકારી કાઢ્યો હતો. જેથી ફરિયાદીએ જિલ્લા ગ્રાહક અદાલત સમક્ષ વીમા કંપની વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી હતી.જિલ્લા ગ્રાહક અદાલતે ફરિયાદીની ફરિયાદ મંજૂર રાખી ફરિયાદીને મજકૂર મશીનની ખરીદી પેટે રૂ. ૫૦,૫૪૩/- વાર્ષિક ૯% લેખેના વ્યાજ સહિત તેમ જ માનસિક ત્રાસ માટેનાં વળતરના બીજા રૂ. ૨,૦૦૦/- તથા કાર્યવાહીના ખર્ચ પેટે બીજા રૂ. ૫૦૦૦/- સહિત ચૂકવી આપવાનો સામાવાળા વીમા કંપનીને હુકમ કરેલો.વીમા કંપનીએ નારાજ થઈ નામદાર સ્ટેટ કમિશનમાં અપીલ કરી મજકૂર હુકમને પડકાર્યો હતો. સ્ટેટ કમિશને પોતાના હુકમમાં વિવિધ પાસાંઓની છણાવટ કરતાં જણાવ્યું હતું કે, હિન્દુજા હોસ્પિટલમાં ફરિયાદી પર કરવામાં આવેલ ટેસ્ટના રિપોર્ટ દર્શાવતા હતા કે, ફરિયાદીને Obstructive Sleep Apnea હતો, જે C.P.A.P. મશીનના નિયમિત ઉપયોગથી ઓછો થઈ શકે તેમ હતું અને તેથી તબીબો દ્વારા ફરિયાદીને C.P.A.P. મશીન ખરીદવા અને દરરોજ તેનો ઉપયોગ કરવા સૂચવાયું હતું. મજકૂર મશીન સ્લીપ એપનિયાથી પીડાતા ફરિયાદીની ટ્રીટમેન્ટનો એક ભાગ જ હતું.સ્ટેટ કમિશને વધુમાં એમ પણ જણાવ્યું હતું કે, વીમા પોલિસી ક્લોઝ નં. ૧. ૨ માં પોલિસી અન્વયે ચૂકવણીપાત્ર ખર્ચની યાદી જણાવી છે. તે યાદીમાં છેલ્લે 'Similar Expenses' શબ્દો જણાવ્યા છે. જેથી યાદીનું વિસ્તૃત અને ઉદાર અર્થઘટન કરીને ટ્રીટમેન્ટ માટે જરૂરી હોય એવા તમામ વાજબી ખર્ચનો 'Similar Expenses'માં સમાવેશ થતો હોવાનું ગણાય. આમ જણાવી સ્ટેટ કમિશને વીમા કંપનીની અપીલ રદ કરી નાખી હતી પરંતુ જિલ્લા ફોરમના હુકમમાં થોડો ફેરફાર કરી ફરિયાદીને મશીન ખરીદીના ક્લેમ પેટે મશીનની વેટ અને ટેક્સ સિવાયની નેટ કિંમતના રૂ. ૪૬,૮૦૦/- વાર્ષિક ૬%ના વ્યાજ સહિત ફરિયાદીને ચૂકવવાનું વીમા કંપનીને જણાવ્યું હતું તથા વળતર અને ખર્ચ પેટેનો જિલ્લા ગ્રાહક અદાલતનો હુકમ યથાવત રાખ્યો હતો.આમ મેડિક્લેમ ઈન્શ્યોરન્સ પોલિસી અન્વયે માત્ર ટ્રીટમેન્ટ, સર્જરી, દવા, ઈન્જેક્શન્સ વગેરેનો જ ખર્ચ નહીં પરંતુ તબીબી સલાહ અનુસાર દર્દીની સારવાર માટે જરૂરી એવું ઉપકરણ ખરીદવામાં આવ્યું હોય તો તેનો ખર્ચ પણ મળવાપાત્ર થાય છે. એ એક મહત્વનો અને માર્ગદર્શકરૂપ ચુકાદો છે.●

**હોસ્પિટલના તબીબો દ્વારા ફરિયાદીને ઓક્સિજન માટેનું C.P.A.P. તરીકે ઓળખાતું મશીન ખરીદવાની સૂચના અપાઈ હતી. જેથી ફરિયાદીએ મજકૂર મશીન વેટ અને ટેક્સ સહિત કુલ રૂ. ૫૧,૯૭૮/- ની કિંમતે ખરીદ્યું હતું અને ત્યાર બાદ મજકૂર મશીન ખરીદવા અંગેનો ક્લેમ સામાવાળા વીમા કંપની સમક્ષ કર્યો હતો**

**કેન્ડલ લાઈટ :**

ખુશીની વાત તો કેવી - એ ક્યાં મળી શકતે.
કે વેદનાય તમારા વિના મળતી નથી!
- મરીઝ